**IndiaFirst LIFE INSURANCE**

A Joint Venture of Bank of Baroda, Legal & General, Andhra Bank

## ઈન્ડિયાફર્સ્ટ પ્રધાન મંત્રી જીવન જ્યોતિ બીમા યોજના (પીએમજેજેબીવાય) હેઠળ દાવા પતાવટ પ્રક્રિયા

રૂા. 2,00,000ની દાવાની રકમ ખાતાધારકના નોમિની(ઓ)ને ચૂકવવાની હોય છે. વ્યક્તિને રિસ્ક કવર તેના 18 વર્ષ (પૂર્ણ)થી વાર્ષિક રીન્યુઅલની તારીખે 55 વર્ષ (નજીકનો જન્મદિવસ) સુધી મળી શકે છે અર્થાત લાયકાત 55 વર્ષે (નજીકના જન્મદિવસ) કે બેંક સાથે ખાતું બંધ કરતા અથવા વીમો લાગુ રાખવા માટે પુરતું બેલેન્સ ન રાખવામાં આવે તો વીમા કવચની સમાપ્ત થાય છે.

મૃત્યુ પર રૂા. 2,00,000નો દાવો ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની દ્વારા પરિપૂર્ણ કરવામાં આવશે. તેની પ્રક્રિયા નીચે અનુસાર રહેશેઃ

**નોમિની દ્વારા કરવાની કાર્યવાહી**

1. નોમિનીએ સભ્ય જેમાં બેંક બચત ખાતું ધરાવતા હોય અને વીમા કવચ મળ્યું હોય તે બેંકનો વીમાધારકના મરણના પ્રમાણપત્ર સાથે સંપર્ક કરવાનો રહેશે.
2. નોમિનીએ બેંક પાસેથી દાવા પત્રક અથવા નિકાલ રસીદ લેવાની રહેશે અથવા નોમિની ઈન્ડિયા ફર્સ્ટ ઈન્સ્યોરન્સની વેબસાઈટ પરથી ફોર્મ ડાઉનલોડ કરી શકે છે.
3. નોમિનીએ દાવા પત્રક અને નિકાલ રસીદ સંપૂર્ણ ભરવાની રહેશે.
4. નોમિનીએ બેંકની શાખામાં વીમાધારકણના મરણ પ્રમાણપત્ર સાથે દાવા પત્રક અને નિકાલ રસીદ તેમજ નોમિનીના બેંક ખાતાનો રદ કરેલો ચેક સુપરત કરવાનો રહેશે.

**બેંક દ્વારા કરવાની કાર્યવાહી**

1. બેંકને મરણની જાણકારીની રસીદ મળતા સભ્યનું વીમા કવચ લાગુ હતું કે નહીં તેની તપાસ કરવાની રહેશે. અર્થાત વીમા કવચનું પ્રિમિયમ સભ્યના મૃત્યુ પહેલા વાર્ષિક રીન્યુઅલ તારીખ એટલે કે 1 જૂન સુધીમાં ઈન્ડિયાફર્સ્ટ ઈન્સ્યોરન્સ કંપનીને ભરપાઈ થયું છે કે નહીં તેની ખાતરી કરવાની રહેશે.
2. બેંક તેમની પાસે ઉપલબ્ધ માહિતીમાંથી દાવા પત્રક અને નોમિનીની વિગતોની ખરાઈ કરશે.
3. બેંક નોમિની દ્વારા સુપરત કરવામાં આવેલ દાવા પત્રક અને નિકાલ રસીદ પરની તેની કાર્યવાહી તેમાં બિડેલ અનુસૂચિ અનુસાર અનુક્રમે પૂર્ણ કરશે.
4. બેંક નીચે જણાવેલા દસ્તાવેજો સાથે ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીને દાવાની જાણકારી આપશે.
   - એ. પૂર્ણ ભરાયેલ દાવા પત્રક
   - બી. મરણનું પ્રમાણપત્ર
   - સી. નોમિનીના રદ કરાયેલા ચેકની નકલ અને નિકાલ રસીદ

IndiaFirst LIFE INSURANCE

A Joint Venture of Bank of Baroda, Legal & General, Andhra Bank

*ઈન્ડિયા લાઈફ ઈન્શ્યુરન્સનું સરનામું*
(પીએમજેજેબીવાય) – દાવા વિભાગ
ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્શ્યુરન્સ કંપની લિ.
301, બી વિંગ, ધ ક્યુબ, ઈનફિનિટી પાર્ક,
દિંડોશી– ફિલ્મસિટી રોડ,
મલાડ (પૂર્વ), મુંબઈ–400 097.

Contact Person: Mr. Shankar Patil

Phone No.: 022-3325 9743

Mail ID: claims.pmjjby@indiafirstlife.com

**ઈન્ડિયા ફર્સ્ટ ઈન્સ્યોરન્સ દ્વારા કરવાની કાર્યવાહી**

1. દાવા–પત્રક બધીજ રીતે બરાબર ભરેલ છે અને તમામ આવશ્યકતાઓ પ્રમાણે દાવો કરવામાં આવ્યો છે તેની ખરાઈ કરવાની રહેશે. જો તેમ ન થયું હોય તો આ બાબત સંબંધિત બેંક સમક્ષ રજુ કરવાની રહેશે.
2. જો દાવો સ્વીકાર્ય હોય તો દાવાની ટીમ સભ્યનું રક્ષણ અમલી છે કે નહીં અને કોઈ પણ અન્ય ખાતા મારફત સભ્ય માટે કોઈ મૃત્યુ દાવો પતાવટ અમલી કરાયું નથી ને તે તપાસી જોશે.
3. આ પ્રક્રિયાથી કોઈ પણ અન્ય ખાતા મારફત પીએમજેજેબીવાય હેઠળ નકલી દાવો કરાય નહીં તેની ખાતરી રહેશે. જો કોઈ પણ દાવો પતાવટ કરાયો હોય તો નોમિનીને બેન્કને માર્ક કરેલી નકલ સાથે તે મુજબ જાણ કરાશે.
4. જો રક્ષણ અમલી હોય અને કથિત સભ્ય માટે કોઈ દાવાની પતાવટ ન કરાઈ હોય તો નોમિનીના ખાતામાં ચુકવણી કરાશે અને બેન્કને માર્ક કરેલી કોપી સાથે નોમિનીને તેની જાણકારી મોકલવામાં આવશે.
5. દાવાની ચુકવણી ફક્ત નેશનલ ઈલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફર (એનઈએફટી) મારફત જ કરાશે.

જો દાવેદાર દ્વારા દાવા પત્રક સીધુ ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીના મુખ્ય કાર્યાલયમાં સુપરત કરવામાં આવે તો ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની બેંક દ્વારા કરવામાં આવેલી આવશ્યક ખરાઈ મેળવવા માટે તાત્કાલિક ધોરણે આ દાવા પત્રક મૃતક ખાતેદારની બેંકને મોકલવામાં આવશે. સંબંધિત બેંક શાખા દાવાની કાર્યવાહી માટે ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીના મુખ્ય કાર્યાલય ખાતે દાવા પત્રક મોકલશે.